અનુ.જનજાતિની ૧૦ આશ્રમશાળાઓના ક્રમિક
વિકાસ અંગે (૨૦૦૭-૦૮)

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક :અમશ/૧૫૦૬/ન.બા-૨/ઘ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 10 APR 2007

વંચાણે લીધા ::-

૧ આદિજાતિ વિકાસ વિભાગના તાઃ ૬/૬/૦૨ના ઠરાવ ક્રઃ અમશ/ ૧૪૦૨/૭૫૦/ઘ
૨ આદિજાતિ વિકાસ વિભાગના તાઃ૩૧/૩/૦૩ના ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૪૦૧/ન.બા.૭/ઘ
૩ આદિજાતિ વિકાસ વિભાગના તાઃ ૧૩/૮/૦૩ના ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૪૦૩/ન.બા.૧/ઘ
૪ આદિજાતિ વિકાસ વિભાગના તાઃ ૮/૩/૨૦૦૭ના ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૫૦૫/ન.બા.૧/ઘ
૫ કમિશ્નરશ્રી,(આ.વિ)ના તાઃ૨૯/૧૨/૨૦૦૬ના પત્ર ક્રમાકઃ આવિ/આશા/૨/૨૦૦૬-૦૭/૪૬૬૨

ઠરાવ ::-

આમુખ ક્રમાંક(૧)માં જણાવેલા તાઃ૬/૬/૦૨ના ઠરાવથી અનુ. જનજાતિના વિધાર્થીઓ માટે ૧૦(દશ) નવી આશ્રમશાળાઓ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. ત્યારબાદ આમુખ ક્રમાંક-(૨)(૩) અને (૪) માં જણાવેલા ઠરાવોથી ક્રમિક વિકાસની મંજૂરી આપવામાં આવી હતી. ૧૦(દશ) નવી આશ્રમશાળાઓના ક્રમિક વિકાસ માટે નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮માં વિભાગ-૧ ની રૂપિયા ૭.૫૦ લાખની નવી બાબતનો અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. પુખ્ત વિચારણાના અંતે અનુ. જનજાતિની ૧૦(દશ) આશ્રમશાળાઓની વિધાર્થીઓની માન્ય સખ્યામાં ૧૦૦નો વધારો કરવામાં આવે છે અને આશ્રમશાળાઓમાં વિધાસહાયકના ધોરણે ૧૦(દશ) મદદનીશ શિક્ષકોની જગ્યાઓ રૂપિયા ૨૫૦૦/- ના ફીકસ પગારથી મંજૂર કરવામાં આવે છે. આ અંગે નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮ માં કરવામાં આવેલી રૂપિયા ૭.૫૦ લાખની જોગવાઇને, ખર્ચ કરવાની નાણાંકીય અને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૨. આ વિભાગના તાઃ૧૪/૨/૦૫ના ઠરાવ ક્રમાંકઃ અમશ/ ૧૪૨૦૦૪/હા.કો.૨૧-ઘ થી ઠરાવેલ લાભો જ મદદનીશ શિક્ષકોને મળવાપાત્ર છે.

૩. નાણાં વિભાગના તાઃ૧૬/૨/૦૬ના ઠરાવની જોગવાઇ, શરતો અને બોલીઓને આધીન તથા ભરતીના પ્રર્વતમાન નિયમો અનુસારની પ્રક્રિયા દ્વારા નિમણુંક આપવાની રહેશે.

૪. આશ્રમશાળાઓના માટે અન્ય શરતો યોજનાની પેટર્ન પ્રમાણે યથાવત રહેશે.

..૨..

૫. આ અંગેનો ખર્ચ "માંગણી ક્રમાંકઃ૯૬ મુખ્ય સદર :૨૨૨૫ અનુ. જાતિઓ આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ (ચાલુ),પેટા મુખ્ય સદર ૦૨- અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ ગૌણસદર ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના પેટાસદર બીસીકે-૧૭૯ આશ્રમશાળાઓ વિગતવાર સદર સહાયક અનુદાન (ગ) અન્યને" હેઠળ થયેલી જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૬. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર અગ્રસચિવશ્રી (ખર્ચ)નાણાં વિભાગ ની તા:૨૫/૦૩/૨૦૦૭ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે નાયબ સચિવશ્રીઓ, આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન,સેકટર-૧૦-એ. ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી ગુજરાત રાજય અમદાવાદ/ રાજકોટ,
- નિયામકશ્રી હિસાબ અને તિજોરી જુના સચિવાલય,ગાંધીનગર.
- નાણાં શાખા,આદિજાતિ વિકાસ ૬/૧૧, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે આશ્રમશાળા અધિકારીશ્રીઓ.
- સર્વેશાખાઓ,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ
- સિલેકટ ફાઈલ-૨૦૦૪